

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

કાશ્મીરે ઘેર ઘેર છે આતંકી, ઈ તો કયો આવ્યા ક્યાંથ?
આસામના આ લાખો વિદેશીઓ, ઈ તો કયો આવ્યા ક્યાંથી?
સીમાડા સાચવતાં સંત્રીઓને કોઈક તો પૂછો કે -
આ દારૂ ભરેલી ગાડીઓ, ઈ તો કયો આવે છે ક્યાંથી?
(અનુત્તર પ્રશ્નો)

### હાઈકુ

કરી કમાલ
નામ રાખ્યું જાસૂસે -
'આધાર કાર્ડ'
(ઘેર બેઠાં આવી ગંગા)

ગર્ભ સાથે જ
હવે જોડી કાઢો ને -
આધાર કાર્ડ
(નામ ન પાડવાં - માત્ર નંબર)

### ચિંતન

*યસ્ય સન્નિધિમાત્રેણ દેહેન્દ્રિયમનો ધિયઃ ।*
*વિષયેષ સ્વકીયેષુ વર્તન્તે પ્રેરિતા ઈવ ॥*

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જેની ફક્ત સમીપતાથી દેહ, ઈન્દ્રિયો મન અને બુદ્ધિ જાણે કે પ્રેરિત થતાં હોય તેમ, પોતપોતાના વિષયોમાં જાણે કે પ્રવર્તિત થાય છે.

જેમ લોહચુંબકની સમીપતાથી લોઢામાં પ્રવૃત્તિ થાય છે તેમ અહીં સમજાવ્યું છે. લોહચુંબક સ્વયં પ્રવૃત્ત થતું નથી તેમ આત્મ સ્વયં પ્રવૃત્ત થતો નથી.

આત્મા - મન એ શરીરને આદેશ આપી સંસ્કારના પ્રમાણમાં પ્રવૃત્ત રાખે છે કર્મના ફળ પ્રમાણે શરીરને પ્રેરણા આપી પ્રવૃત્ત રાખવાનું કામ મન-આત્માનું છે. એ જાતે તો એક ઈન્દ્રિય જ છે.

### સુવિચાર

- પોતાની યોગ્યતા છુપાવવા માટે પણ મોટી યોગ્યતાની જરૂર હોય છે - **લા શેકમ્**
- ઉપકારનો બદલો માંગશો, તો ઉપકારનો બદલો ચૂકવવો પણ પડશે, અને વરસાદ લાવનાર વાદળાંનો ઉપકાર કેવી રીતે ચૂકવશો ? - **તિરુવલ્લુવર**
- તમે એટલો આત્મવિશ્વાસ રાખો કે તમે પૃથ્વીના સર્વથી આવશ્યક મનુષ્ય છો - **મેક્સિમ ગોર્કિ**
- જીવનની અંદર અંદર થતાં ઘર્ષણ નથી ગમતાં, બનાવટ હોય જેમાં, એ સગપણ મને નથી ગમતાં - **જલન માતરી**
- તમારો પ્રેમ સચ્ચાઈની પરકાષ્ઠા ઉપર પહોંચે છે, જયારે એ તમને નુકશાન કરનાર વ્યક્તિ પ્રત્યે જન્મે છે - **દલાઈ લામા**
- જે બીજાની આંતરડી ઠારે છે, તે ઈશ્વરની આંખને ઠારે છે - **હરિભાઈ કોઠારી**
- આજનું ઔષધ : મુત્રદાહમાં અંજીર - વરીયાળી ચાવી ચાવીને ખાવાથી એકાદ મહીનામાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આજકાલ દેહ સૌંદર્ય પાછળ દુનિયા ભાગે છે પરંતુ સાચું સૌંદર્ય દેહનું નથી આત્માનું સૌંદર્ય છે. આપણી વાણી સાથે સાથે વ્યવહાર પણ યોગ્ય હશે તો જ આત્માનું સૌંદર્ય સાર્થક ગણાશે. યુવરાજ ભદ્રબાહુને પોતાના શરીર પર ખૂબ અભિમાન હતું. એક વાર તેઓ મંત્રીના દીકરા રૂદ્રદત્ત સાથે ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં તેઓ સ્મશાન સુધી ગયા. સ્મશાનમાં એક શબને ચિતા પર ગોઠવી તેના અગ્નિસંસ્કાર કરવામાં આવી રહ્યા હતા. સ્મશાનમાં એક શબને ચિતા પર ગોઠવી તેના અગ્નિસંસ્કાર કરવામાં આવી રહ્યા હતા. ભદ્રબાહુએ પૂછ્યું, 'આ લોકો શું કરે છે?' રૂદ્રદત્તે જવાબ આપ્યો, 'તેમના કોઈ સગાનું મૃત્યુ થયું છે અને આ લોકો શબને બાળવા અહીં આવ્યા છે.' અભિમાની ભદ્રબાહુ એ કહ્યું, 'મને લાગે છે કે મરનાર માણસ બહુ કદરૂપી હશે, એટલે એને બાળી નાખતા હશે, જો તે સુંદર હોત તો લોકો તેને સાચવી રાખત.' રૂદ્રદત્તે કહ્યું, 'યુવરાજ, વ્યક્તિ ગમે તેટલી સુંદર હોય, પરંતુ પ્રાણ નીકળી ગયા પછી તેને કોઈ પરિવારજનો ઘરમાં રાખતા નથી.' આટલું સાંભળીને ભદ્રબાહુને થયું કે અરેરે... મારી પણ આવી દશા થશે? તે ચિંતામાં પડી ગયો અને દિવસ-રાત ઉદાસ રહેવા લાગ્યો. રાજાએ તેને સમજાવવા અનેક પ્રયત્નો કર્યા પણ યુવરાજની ઉદાસી આનંદમાં ફેરવી શકાઈ નહીં. આથી રાજાએ યુવરાજને રાજગુરુ પાસે મોકલ્યા. રાજગુરુએ કહ્યું, 'વત્સ, તમે જે મહેલમાં રહો છો તે મહેલ જર્જરિત થઈ જાય તો તમે શું કરો?' ભદ્રબાહુએ કહ્યું, તો રહેવાનું સ્થાન બદલવુ પડે.' રાજગુરુએ કહ્યું, 'આ શરીર પર મહેલ જેવું જ છે. શરીર જયાં સુધી નષ્ટ નથી થતું ત્યાં સુધી જ આત્મા તેમાં રહે છે. શરીર તો નાશવંત છે, માટે તેના માટે ઉદાસ ન થાવ. આત્માને ઓળખો. શરીરની નહીં' આત્માની સુંદરતા માટે વિચાર કરો. આપણા માનવીય સદ્‌ગુણોનું સૌંદર્ય પ્રાપ્ત કરી શકાય છે.' યુવરાજે ગુરુની વાત સ્વીકારી વિદાય લીધી.

# નેતૃત્વની કટોકટી અનુભવતા વિપક્ષો

**તંત્રીસ્થાનેથી...**

સ્મસ્ત રાજકારણ હવે ૨૦૧૯ની ચૂંટણીને અનુલક્ષીને ચાલી રહ્યું છે. શાસક પક્ષ માટે એને મળેલો સમય વધુ ને વધુ પ્રજાલક્ષી કાર્યો પૂરાં કરવા અને એથી જે રાજકીય માઈલેજ પ્રાપ્ત થઈ શકે તે અંકે કરી લેવા ઉપયોગમાં લેવાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની ઈમેજ ને વધુ ને વધુ ધાર કાઢવા શક્ય એટલાં વધુ ઉદ્‌ઘાટનો અને ખાતમુર્હૂતોને અંજામ આપશે. મતદાર સમૂહોને આકર્ષવા માટેના અવનવા નુસખા અજમાવાશે. હિંદુત્વનું ટ્રમ્પ કાર્ડ તો છાતી સરસું સાચવી જ રાખવાનું, જે બરાબર છેલ્લી ઘડીએ ઊતરીને વિરોધીઓની બાજી રફેદફે કરવા ખપ લાગશે. પરંતુ એ પહેલાં નારાજ મતદાર સમૂહોની તરફેણ કરતાં બિલ લાવવાં અને ગરીબોની બેલી તરીકેની આભાસી છાપ ઊભી કરી વિપક્ષોના આક્ષેપોને બુઠ્ઠા કરી દેવા જે કંઈ કરવું પડશે તે મોદી અને એમના ભગવા રંગે રંગાયેલા સાથીઓ જરૂર કરશે. એસ.સી- એસટી એક્ટ અંગેનો સરકારી નિર્ણય આનું જ્વલંત ઉદાહરણ છે. મોદી જાણે છે કે આ વંચિત સમુદાયોની એન બ્લોક બાદશાહી કરી દેવાથી તો મયૂરાસન જોખમમાં મુકાઈ શકે છે. આથી એમણે સુપ્રીમ કોર્ટના આદેશની વિરુદ્ધ જઈ વિપક્ષોની માગણી મુજબ જૂનો એસટી એસસી કાયદો ફરી લાગુ કરવા માટેનો ખરડો રજૂ કરી માસ્ટર સ્ટ્રોક લગાવી દીધો છે. આ તરફ કોંગ્રેસ અને પ્રાદેશિક વિપક્ષો નેતૃત્વની કટોકટી અનુભવી રહ્યા છે. રાહુલ ગાંધીને નેતા તરીકે સ્વીકારતાં મોટા ભાગના પ્રાદેશિક પક્ષો અચકાય છે, કારણ કે એમના પોતાના નેતાઓનું કદ રાહુલ ગાંધી કરતાં મોટું છે. ઉત્તરપ્રદેશ અને બિહારમાં વધુમાં વધુ બેઠકો મેળવીને યુપીએ મોદીને માત આપી શકે એમ છે. અહીં મોટો સવાલ કોંગ્રેસની ઉપસ્થિતિનો રહેશે. બિહાર કે ઉત્તરપ્રદેશમાં પ્રાદેશિક પક્ષો જ શક્તિશાળી છે. જયારે કોંગ્રેસ હાંસિયે ધકેલાઈ ચૂકી છે. આથી જો ગઠબંધન રાજનીતિને પરિણામદાયક બનાવવી હશે તો આ બેઉ મોટાં રાજયોમાં કોંગ્રેસે ઘણી બધી બેઠકો છોડી દેવી પડશે. રાહુલ ગાંધી કદાચ એ માટે તૈયાર થાય પરંતુ મૂલ કોંગ્રેસીઓ નારાજ થશે અને એ પૈકીના કેટલાકને બરાબર ચૂંટણી ટાંકણે જ ભાજપમાં ભેળવી દેવાની ચાલ ખેલાશે. આથી કોંગ્રેસને મૂઢ માર પડશે જેથી એનો નૈતિક જુસ્સો ડાઉન થઈ જવાની સંભાવના નકારી ન શકાય. હાલ પૂરતો રાહુલ ગાંધીનો જુસ્સો પરાકાષ્ઠાએ પહોંચેલો છે. પરંતુ જો ઉત્તર પ્રદેશ બિહારમાં ગઠબંધન રાજકારણ કરવા જતાં જૂના જોગીઓ કોંગ્રેસ સાથે છેડો ફાડશે તો એની નકારાત્મક અસર દેશનાં બીજાં રાજયો પર પડ્યા વિના ન જ રહે. બાકી ખરો જંગ તો આગામી દિવસોમાં આવનારી મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢની વિધાનસભાની ચૂંટણીમાં જામશે. અકબંધ આ ત્રણે રાજયો હાલ ભાજપ હસ્તક છે. એ ત્રણે રાજયોને અકબંધ જાળવી રાખવાનું ભાજપ માટે અશક્ય નહીં તો પણ અઘરું તો છે જ. નેતાનું નામ પાડ્યા વગર જ વિપક્ષો લોકસભાની અને કોંગ્રેસ વિધાનસભાઓની ચૂંટણી લડવા માગે છે ત્યારે નરેન્દ્ર મોદીના પ્રભાવ સામે કેવો પડકાર ઊભો કરી શકશે તો જોવું રસપ્રદ બની રહેશે.

### આટલું સમજી શકીએ....

## મેલેરીયા, ચીનકગુનિયા, ડેન્ગ્યુ વગેરે માટે આપણે પોતે જ જવાબદારી છીએ...



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

(ગતાંકથી આગળ...)

... અને લેબોરેટરીવાળા મેલેરીયાને શોધી પણ નાંખે છે અને ડૉક્ટરો મેલેરીયાની દવા આપી મેલેરીયા મુક્ત પણ કરે છે. આવી જ રીતે ડેન્ગ્યુ, ચીકનગુનિયા અને વગેરે રોગમાં નિદાન થાય છે અને નિદાન પ્રમાણે દવાઓ પણ આપવામાં આવે છે. એટલે મનુષ્ય પણ સતત ચાલતો રહે છે અને કુદરતના જે કંઈ રહસ્યો છે તેને પામતો રહે છે. રોજ નવા નવા બેકટેરીયા અને વાઈરસ આપણને સાંભળવા મળે છે. એટલે કે વૈજ્ઞાનિકો એને શોધી નાંખે છે. એની દવાઓ શોધે છે. અને માનવજાતને સુરક્ષિત રાખવા માટે પ્રયત્ન કરે છે. પણ આ બધું સાચું છે પણ આપણે શું કરી શકીએ... ભગવાનની વાતો વેગ્નાની વાતો બધા જાણે છે અને સમજે છે. એમાં સામાન્ય મનુષ્ય કશું કરી શકતો નથી. તો સામાન્ય મનુષ્યએ શું કરવું જોઈએ. તો ચોમાસાની સિઝનમાં સામાન્ય માનવીએ આટલું તો કરવું જ જોઈએ કે જેનાથી તે પોતે કુટુંબીજનો અને સમાજ સુરક્ષિત રહે એવું કરવું જોઈએ. કેવી રીતે ? બહુ નાની વાતો છે બધાને ખબર જ છે પણ આપણે નથી કરતાં. મારે શું ? બધા જ એમ માને છે કે કૂવામાં હું એકલો જ પાણી નાખું બાકી લોકો દૂધ નાખશે પણ કૂવો પાણીથી જ ભરાય છે. બહુ ઓછા લોકો ખરેખર દૂધ નાખે છે. મતલબ બહુ ઓછા માણસો બીજાનું વિચારે છે. અને બીજાનું નથી વિચારતા માટે જ આપણું પણ અહિત થાય છે. કરવાનું શું છે ? બહુ નાની વાત તમારી આજુબાજુનું આંગણું ચોખ્ખું રાખો, તમારી આજુબાજુ ક્યાંય પાણી ન ભરાઈ રહે તેનું ધ્યાન રાખો, તમારા ઘરમાં જયાં જયાં પાણી ભરાઈ રહે એવા ઉપકરણ જેવા કે ફ્રીજ, એસી, વોટરકુલર, એરકુલર વગેરેને ચોખ્ખા રાખો. ચોખ્ખા કેવી રીતે રાખવાના ? ઘણા લોકોને એ પણ ખબર નથી પડતી આ બધું ચોખ્ખું કેવી રીતે રખાય. તો પહેલા તો જ્યાં જ્યાં પાણીનો ભાગ આવતો હોય એને સાફ કરી તેમાં ડેડોલ જેવા એન્ટીસેફટીકથી સાફ કરો . એક દિવસ એ ઉપકરણોને બંધ રાખી સૂકા કરો અને એના જે ફિલ્ટર હોય એને બરાબર સાફ કરી શક્ય હોય તો વારંવાર બદલી નાખો. જેમાં રહેલા બેકટેરીયા, વાઈરસ અને ગંદકી જતી રહેશે. જેનાથી ઘરમાં ડેન્ગ્યુ અને મેલેરીયા, ચીકનગુનિયા જેવા દર્દમાંથી ૮૦ – ૯૦ ટકા મુક્તિ મળશે. આપણે બિમાર આપણી રીતે જ થઈએ છીએ. ગંદકી રાખવી એ આપણી ફેશન થઈ ગઈ છે. અમેરિકામાં ચિગમ ખાઈ કે તમાકુ ખાઈ એના કાગડીયા ખિસ્સામાં મૂકતા લોકોને મે જોયા છે. ગમે ત્યાં ન થુંકવું અમેરિકામાં સહેલું છે. કારણ કે થુંકનારને જેલની સજા થયા અથવા તો દંડ થાય. ભારતમાં પણ લોકો આ બધુ સમજે છે પણ કાયદાકીય રીતે કાયદામાં જોગવાઈ હોવા છતાં કોઈ પકડનાર નથી, કોઈ દંડ કરનાર નથી એટલે ગમે ત્યાં ગમે તે વસ્તુ ફેંકે છે અને તેના લીધે ગંદકી પેદા થાય છે અને ગંદકીમાં મચ્છર પેદા થાય છે અને મચ્છર મનુષ્યને કરડે છે અને તેને લીધે મેલેરીયા, ચીકનગુનિયા, ડેન્ગ્યુ, ઝાડા-ઉલટી વગેરે વગેરે થાય છે.

ભારત જેવા દેશમાં કાયદો સખ્ત રીતે અમલ કરાવવો જોઈએ. કારણ કે લોકો ખૂબ જ આળસુ અને વધારે પ્રમાણમાં સ્વાર્થી થતાં જાય છે તેમને લગામ લગાવવી જરૂરી છે. કટોકટીના દિવસોમાં બધું જ સુધરી ગયું હતું. ટાઈમસર ઓફિસો ચાલુ થઈ જતી, ટાઈમસર કામ કરતાં, બોલવામાં પણ એકદમ શિસ્ત આવી ગઈ હતી. બધુ જ બરાબર થઈ ગયું હતું, પણ લોકશાહીને એ મંજુર નહોતું. એટલે લોકશાહીના નામે આપણે લોકોએ સારી વાત ન સ્વિકારી. એનો અર્થ એવો પણ એ થાય કે લોકશાહીને લાયક આપણે નથી. આપણા સમાજની રચના એવી છે કે જ્યાં સુધી ચાબુક ન પડે ત્યાં આપણે સુધરતા નથી. એટલે આપણા માટે આપણા સમાજ માટે એક ચોક્કસ અઘરો કાયદો લાવવો, કાયદા તો છે જ પણ કાયદાનું અમલીકરણ નથી થતું. લોકોને ખબર છે કે ચોરી કરવી એ ગુનો છે છતાં પણ લોકો આરામથી ચોરીઓ કરતા હોય છે. કારણ કે કાયદાની બીક નથી. કારણ કે કાયદો અમલ કરવાવાળા માણસો કદાચ ઢીલા પડે છે અથવા જાણીજોઈને આંખ આડા કાન કરે છે અથવા તો વધારે પ્રમાણમાં ભ્રષ્ટાચાર છે. ખબર નહીં આપણું એ કામ નથી. પણ સત્ય એ છે કે આ બધું જોતા આપણને એવું લાગે છે કે આપણે લોકશાહીને લાયક નથી.

# આવો, આપણા સ્વભાવને ઓળખીએ અને બદલીએ



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

સ્વ-ભાવ એટલે જેમાં સ્વયમનો ભાવ નિહિત હોય એને સ્વભાવ કહેવાય . સ્વભાવ આમ આપણને આપણા વારસામાં મળેલો હોય છે. જેને બીજા અર્થમાં આપણે સંસ્કાર કહીએ છીએ. આમ છતાંય સંસ્કાર એ મૂળ છે અને સ્વભાવ એ થડ છે. આપણું વર્તન વ્યવહાર એની ડાળખીઓ છે અને આપણ વિચારોમાંથી નીકળતા શબ્દો એ પાંદડા છે. આવી રીતે આપણા આખા વ્યક્તિત્વનું વૃક્ષ બને છે. હવે આપણું આ વૃક્ષ લીમડો છે, પીપળો છે, વડ છે, તાડ છે કે બાવળ છે એ તો આપણે જ નક્કી કરી શકીએ છીએ. કેમ કે દરેક વૃક્ષોનો જુદો જુદો સ્વભાવ, દેખાવ અને અંદાજ હોય છે.

સ્વભાવ એ આમ જોઈએ તો આપણને વારસામાં મળેલા સંસ્કારની પ્રતિકૃતિ જ છે. પરંતુ સંસ્કારની જેમ સ્વભાવ શાશ્વત નથી. એને અભ્યાસ અને માહોલ દ્વારા બદલાવી શકાય છે. જો થોડી સકારાત્મક દ્દષ્ટિ કેળવીને મનને વિશાળ ફલક ઉપર વિહરતું કરીએ તો સ્વભાવમાં પરિવર્તન આવી શકે છે. કારણ કે સ્વભાવ કેળવી શકાય છે સંસ્કાર પામી શકાય છે. સ્વભાવની અસર તત્કાલિન હોય છે સંસ્કારની અસર લાંબા અંતર સુધી રહે છે.

સારો સ્વભાવ ધરાવતી વ્યક્તિ મોટેભાગે સરળ, સાહજિક, નિસ્વાર્થી અને વિવેકી હશે, એ જીવનની દરેક પરિસ્થિતિને પોતાની સમજણ અને વિવેકથી ઉકેલે છે. સારો સ્વભાવ ધરાવતી વ્યક્તિનું વ્યક્તિત્વ સાકર જેવું હોય છે જેમ સાકર દુધમાં કે પાણીમાં નાખતા ઓગળીને એને મીઠાશ આપે છે તેમ સારો સ્વભાવ ધરાવતી વ્યક્તિ કોઈપણની સાથે, કોઈપણ જ્ઞાતિ-જાતિમાં, સમાજ કે સંસ્કૃતિમાં કે દુનિયાના કોઈપણ દેશમાં કોઈપણની સાથે સાકરની જેમ ભળી જાય છે અને પોતાના સારા સ્વભાવની મીઠાશ અર્પે છે. સારો સ્વભાવ અત્તર જેવો છે. એ સ્વયમ પોતાની મહેક સર્વત્ર છોડે છે. એ વ્યક્તિનું, પરિવારનું કે સમાજનું ગૌરવ વધારે છે. સારો સ્વભાવ હંમેશાં સમાધાનમાં માને છે. એ સંઘર્ષને ટાળે છે. સૌને પ્રેમ કરવામાં માને છે. નફરતને ત્યાગે છે, આવી વ્યક્તિ કદીયે કોઈનું બૂરું ઈચ્છતી નથી. એ મોટેભાગે પોતાને માટે નહીં પણ બીજાને માટે વધુ જીવતી હોય છે. એ સતત બીજાને મદદ કરવાની ભાવના સાથે જીવે છે. સારો સ્વભાવ હોવાના લાભ પણ અનેક છે. તો થોડા ગેરલાભો પણ છે.

સૌ પ્રથમ તો સારો સ્વભાવ ધરાવતી વ્યક્તિ ક્યારેય એકલી હોતી નથી. તેના હજારો મિત્રો, ચાહકો હોય છે. એની આસપાસનું વાતાવરણ, સગા સંબંધીઓ તથા મિત્રો બધા તેમને ચાહતા હોય છે. કારણ કે સારા સ્વભાવથી દુશ્મનનું પણ હદય જીતી શકાય છે.

આમ જોઈએ તો આજકાલ વધુ ને વધુ આર્થિક સમૃદ્ધિ મેળવવાની લ્હાયમાં અને દેખાદેખીમાં ખુદ માતા પિતા જ પોતાના સંતાનોને સારા સંસ્કાર, સમજણ કે સારા સ્વભાવનું શિક્ષણ આપવાનું કદાચ વિસરી ગયા છે. રોજ સવારે કે સાંજે સૌ સાથે મળીને ઘરના ફળિયે બાળકોને શિક્ષિત કરવાને બદલે એક જ ઘરમાં સૌ પોતપોતાના મોબાઈલમાં – વોટ્સપમાં ડૂબેલા હોય છે. જેથી તેઓ ક્યારેય સંતાનોને રોકી શકતા નથી કે વૉટ્સપ ઓછું વાપરવાની કે સાવ નહીં વાપરવાની સલાહ પણ આપી શકતા નથી. આ વૉટ્સપ આપણા સૌના દામ્પત્યજીવનમાં અનેક પ્રશ્નો ઊભા કરી રહ્યું છે. કેમ કે એનો વપરાશ સીધા જ આપણા મન મસ્તિક ઉપર પડે છે અને આપણા સ્વભાવને બગાડે છે. આજે આપણે જોઈશું કે ઘરમાં ઘણી જગ્યાએ સંતાનોના સ્વભાવ ચિડીયા થઈ ગયા છે વાતવાતમાં તેઓ ઉશ્કેરાઈ જાય છે.

આજે ચારેતરફ સૌન્દર્યની બોલબાલા છે. જો કે સૌન્દર્ય જોવું ને પામવું એ પ્રત્યેક મનુષ્યની આદિમ વૃતિ છે. આપણને સૌને સુંદર હોવું ગમે છે. પણ આપણા સૌની કરૂણતા એ છે આપણે સૌ બાહ્ય સૌન્દર્યને મહત્વ આપીએ છીએ. બાહરી સૌન્દર્ય એકદમ આકર્ષક બનાવવા માટે સ્ત્રીઓ કલાકોના કલાકો બ્યુટીપાર્લરમાં બેસીને કિંમતી સમય બગાડે છે. પરંતુ ભીતરી સૌન્દર્યને, સ્વભાવને સુંદર બનાવવા આપણે કોઈપણ પ્રકારે ચીવટ રાખતા નથી. દરકાર રાખતા નથી. સ્વભાવ સુંદર બનાવવાના કોઈ બ્યુટીપાર્લરો પણ નથી. પરિણામે આજે મોટાભાગના લગ્નો આ ''સૌન્દર્ય આધારિત'' થતા જોવા મળે છે. માતાપિતાના અનુભવોને અવગણીને આજની યુવાપેઢી એકબીજાના ફેસબૂકીયા સૌન્દર્યથી આકર્ષાઈને લગ્ન તો કરી લે છે પણ બે ચાર વર્ષમાં બાહ્ય સૌન્દર્યનો પ્રભાવ ઓછો થાય છે અને સ્વભાવનો પ્રભાવ શરું થતા સંઘર્ષ ઉપસી આવે છે. બન્ને પક્ષે સ્વભાવની વાસ્તવિકતા સામે આવતા પસ્તાવા સિવાય કોઈ ઉપાય રહેતો નથી. આપણે ફેસબૂક પર રજુ થતા સૌન્દર્યને જોઈને મોહિત તો થઈ જઈએ છીએ.અને જિંદગીનો મોટો નિર્ણય પણ લઈ લઈએ છીએ. પરંતુ ફેસબૂક પર વ્યક્તિના સ્વભાવને ઓળખવાનું કોઈ ટૂલ્સ નથી.

સુખ અને શાંતિભર્યા જીવનની ઈમારત માત્ર અને માત્ર સારા સ્વભાવથી ચણી શકાય છે નહીં કે સારા સૌન્દર્યથી. કેમ કે સૌન્દર્ય એ નાશવંત છે સ્વભાવ શાશ્વત છે. સૌન્દર્ય એ રણમાં દેખાતા જળના ઝાંઝવા જેવું છે. જ્યારે સારો સ્વભાવ મીઠા સરોવર જેવો છે. જે સર્વની તરસ છિપાવે છે. સારો સ્વભાવ ઘટાદાર વૃક્ષ જેવો હોય છે જેની નીચે બધા જ વટેમાર્ગુ આરામ ફરમાવે છે, દેહનું સૌન્દર્ય મીણબત્તી જેવું છે એ જલે ત્યારે આકર્ષક લાગે છે. પરંતુ ધીમે ધીમે ઓગળતું ય જાય છે જ્યારે મનનું સૌન્દર્ય, સ્વભાવનું સૌન્દર્ય ચન્દ્રમા જેવું છે જે હંમેશાં શીતળ ચાંદની જ આપે છે.

જો કે દરેક વ્યક્તિને વ્યક્તિગત એમ જ લાગતું હોય છે કે પોતાનો સ્વભાવ ખુબ જ સારો છે. કેમ કે અરિસામાં સૌ પોતાના સૌન્દર્યથી મુગ્ધ હોય જ છે. પણ સારો સ્વભાવ ધરાવવો એટલું સહેલું નથી. એ માટે કેટલીયે વાર મનગમતી સ્થિતિને છોડવી પડે છે, ડગલે ને પગલે જીવનમાં સમાધાનો કરવા પડે છે. વેર, ઝેર, નફરત, સ્વાર્થ, લાલચ, ક્રોધ, મોહ, લોભ જેવા વિભાવોનો કાયમી પરિત્યાગ કરવો પડે છે. જીવનની કેટલીક પરિસ્થિતિ તમને રડવાની ફરજ પાડે ત્યારે હસવું પડે છે. કેમ કે સત્યની ઓળખ સાચા સ્વભાવ પાસે છે. સૌન્દર્ય પાસે નથી. જીવનના સત્યને પામવા માટે સારા અને સત્યનિષ્ઠ વ્યક્તિ હોવું અનિવાર્ય છે.

આપણને જીવનમાં અનેક પ્રકારના સ્વભાવવાળી વ્યક્તિઓના પરિચય થતા હોય છે. ઘણી એવી વ્યક્તિઓ પણ હોય છે જેઓ બહાર એકદમ આદર્શની, સન્માનની, ભાષા અને રાષ્ટ્રપ્રેમની વાતો કરતી હોય છે. પણ અંદરથી એકદમ મલીન વિચારો ધરાવતી હોય છે. બધાની સાથે, ઓફિસમાં એકદમ તોછડાઈથી વર્તે છે. નાની વાતે નીચેના કર્મચારીઓના વગર કારણે અપમાનો કરતા કેટલાય સનદી અધિકારીઓ જાહેરમાં માન સન્માનના વ્યાખ્યાનો આપતા હોય છે અને લેખો લખતા હોય છે. આવી બેધારી તલવાર જેવો સ્વભાવ ધરાવતા માણસોથી ખાસ ચેતવા જેવું હોય છે.

સારો સ્વભાવ કેળવવા માટે સારી સારી વ્યક્તિઓના પરિચયમાં આવો, ઉત્તમ પુસ્તકોનું વાંચન કરવું, વારંવાર પ્રવાસ યોજવો. વગેરે કેમ કે જ્યા સુધી આપણે આપણા ઘરમાં જ રહીશું ત્યા સુધી આપણે આપણી આસપાસની બદલાતી જતી નવી દુનિયાને નહીં ઓળખીયે તો બધુ જ નકામું છે. સ્વભાવને અમુક સમયાંતરે બદલવો પણ જરૂરી હોય છે. કેમ કે પ્રકૃતિ પણ દર ચાર મહીને પોતાનો સ્વભાવ બદલતી હોય તો આપણે તો માણસ છીએ. આપણે પણ ઘર, પરિસ્થિતિ, ઓફિસ જુદી જુદી રીતે રહેતા હોઈએ છીએ પણ સ્વભાવ એક સરખો જ રાખીએ છીએ. દરેક જગ્યાએ સ્વભાવ જુદો હોય તો પરિણામ સારું મળે છે. પહેલા દર સો વર્ષે, પછી પચાસ વર્ષે યુગ બદલાવા લાગ્યો જ્યારે આજે માત્ર પાંચ વર્ષે યુગ બદલાઈ જાય છે તો તેની સાથે ચાલવા સ્વભાવ પણ બદલવો જરૂરી હોય છે. સારો સ્વભાવ વ્યક્તિને શીખર ઉપર લઈ જાય છે.

# ઈક નયા જખમ મિલા ઈક નઈ ઉમર મીલી, જબ કિસી શહરમે કુછ યાર પુરાને સે મિલે..!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

'રહી ગઈ મુજ દોસ્તોની આબરૂ, મેં મુસીબતમાં મદદ માંગી નહીં. ' (મરીઝ)... હેએએએએએએ... મરીઝ્ સાબની કઈક ભૂલ થઈ લાગે છે લખવામાં, કેમકે ખરેખર તો મુસીબતમાં સાથ આપે એ જ દોસ્ત...! અને મુસીબતમાં સાથનાં આપે એ વળી શેના દોસ્ત ? પેલું કહે છે ને કે તાલી મિત્ર સો મળે... એની જેમ એ બધા તાલી મિત્ર - ગલ્લા મિત્ર - અપડાઉન મિત્ર- પાળી મિત્ર - થાળી મિત્ર... વગૈરાહ વગૈરાહ...! જી હા દોસ્ત તો એ જ કહેવાય ને જે મુસીબતમાં અડગ અને સાથે ઉભો કે ઉભી રહે, જે ટીકા કરવા કરતા દોસ્તને ટકવામાં મદદ કરે., પ્રસંગ સારો હોય કે નરસો પણ પહેલા આવીને ઉભો રહે. જો કે મરીઝ સાહેબે લખ્યું એવું કદાચ થતું પણ હશે એટલે તો ચિનુ મોદીએ લખ્યું છે કે ' દોસ્ત ! તારા દિલ સુધી પ્હોંચ્યા પછી સ્વર્ગમાં પણ ક્યાં હવે જાવું હતું ? ' અને ' પથ્થરો પોલા નીકળશે શી ખબર ?, મિત્ર સહુ બોદા નીકળશે શી ખબર? '. નીકળે નીકળે...ક્યારેક મિત્રો બોદા પણ નીકળે..એટલે તો કહેવાયું છે કે મિત્રની પસંદગી ખુબ જ સાવધાનીથી કરવી.

'દોસ્તી આમ હે લેકિન એ દોસ્ત , દોસ્ત મિલતા હે બડી મુશ્કિલ સે ' (હાફીઝ હોશિયારપૂરી). સહી હે બીડું, એમ કઈ સારા અને સાચા દોસ્તારું રસ્તામાં નથી પડ્યા કે એકાદી પાન કે સિગરેટ કે હારે નાસ્તા કરવાથી બની જાય - મળી જાય. અહમદ ફરાઝ્નો આ ફેમસ શેર એ જ કહે છે કે 'તુમ તકલ્લુફ કો ભી ઈખલાસ સમજતે હો' ફરાઝ ', દોસ્ત હોતા નહિ હર હાથ મીલાનેવાલા (તકલ્લુફ =શિષ્ટાચાર, ઈખલાસ = દોસ્તી). એક્જેટલી આગળ લખ્યું એમ દોસ્ત એમ આસાનીથી ના મળે ક્યુકી સાચો અને સારો દોસ્ત તો ખુશકિસ્મતને જ મળે. કારણ ? એનું કારણ રાજેશ વ્યાસ 'મિસ્કીન' ના આ શેરમાં છે ; 'ઓરડામાં એકાદ ચિત્ર હોય પૂરતું છે, જીવનમાં એક સરસ મિત્ર હોય પૂરતું છે; મિલાવ હાથ ભલે સાવ મેલોઘેલો છે, હૃદયથી આદમી પવિત્ર હોય પૂરતું છે.' એક્જેટલી આ જ વાત મેઈન છે દોસ્ત - દોસ્તી - ફ્રેન્ડશીપ - મિત્રતામાં..! સરસ મિત્ર હોય એ તો પુરતું છે જ પણ સાથે સાથે એ મિત્ર દિલથી પવિત્ર-સાફ અને નિખાલસ હોવો જરૂરી છે નહિતર પછી સઈદ રાહીનો આ શેર ગણગણવો પડે કે 'મુજે મેરે દોસ્તો સે બચાઈએ 'રાહી', દુશ્મનોસે મૈ ખુદ નિપટ લુંગા ..!'

'અમાં મીલા લો હાથ, સિકંદરને જિંદગીમે બહોત કમ લોગો સે હાથ મિલાયા હે " બીગ બી ના આ જોરદાર ડાયલોગ જેવું જીંદગીમાં બને..અને ખાસ કરીને દોસ્તોની બાબતમાં. ઘણા દોસ્તોને આપણે જોઈએ તો આપણને એમ થાય કે એક દક્ષીણ ધ્રુવ છે અને બીજો ઉત્તર ધ્રુવ, તોય ચ્યમની આ બેયની ભાયબંધી હેન્ડતી હશે દિયોર ? ઘણા સુકામ ? તમારા કે મારા જ દોસ્તોને જરા યાદ કરી લેશો તો અચૂક એક-બે નંગ એવા યાદ આવશે જ કે મને ને તમને એમ થશે કે આ ટણપા હારે દોસ્તી કેમની ટકી છે ? આવા એકાદ બે નંગ માટે કોઈ અનામી શાયરનો આ શેર પરફેક્ટ ફીટ બેસે છે કે 'ના શોધ કારણ કોઈ પણ આપણી મિત્રતા ના, મળી જશે એકાદ, તો મુંજવણ વધી જશે...!' જો કે દોસ્તો આપણા જીવનમાં તબક્કાવાર આવતા હોય છે - બનતા હોય છે. શાળાના દોસ્તો, મુફલિસી ટાઈમના દોસ્તો, નોકરી-ધંધા ને લીધે બનેલા દોસ્તો, શેરી દોસ્તો, ગલ્લા દોસ્તો અને હવેના ડીજીટલ જમાનામાં ફેહ્બુકીયા - ટ્વીટરિયા, ઈનસ્ટા દોસ્તો... ઓર નાં જાને ક્યા ક્યા ? પણ હકીકત એ છે કે અંગત કહી શકાય એવા અથવા તો જેની સાથે પાક્કક્કક્કી દોસ્તી છે એમ કહી શકાય એવા દોસ્તો તો ગણ્યા ગાંઠ્યા જ હોવાના! બાકી તો આ લખનારના ફેવરીટ શાયર બશીર બદ્રના આ શેર જેવું થાય કે ' ઈસી શહરમે કઈ સાલ સે મેરે કુછ કરીબી અઝીઝ હે, ઉન્હેં મેરી કોઈ ખબર નહિ મુજે ઉનકા કોઈ પત્તા નહિ ..!'

હવે દિમાગમાં કોશચ્ન એ ઉઠે કે દોસ્ત બનાવવા કેવી રીતે ? ઓર જરા બોલીવુડ ભાષામાં કહીએ તો દોસ્ત બનતે કેસે હે ? જવાબ પણ બોલીવુડની ઈસ્ટાઈમાં જ આવશે કે 'દોસ્ત બનતે નહિ, હો જાતે હે!' પણ આ 'હો જાતે હૈ' વાળા દોસ્તોની ખરી કસોટી તો મુશ્કેલીના સમયમાં જ થાય એ હકીકત છે. સંસ્કૃતમાં એક સુભાષિત છે કે 'સંપત્તિ મિત્રો મેળવી આપે છે અને વિપત્તિ મિત્રોની પરીક્ષા કરે છે '..રાઈઈઈટ ! સેમ ટુ સેમ વાત મોરોક્કોની આ કહેવતમાં કહેવાઈ છે કે 'તમારા સાચા મિત્રો એ જ જે તમને જેલખાનામાં કે દવાખાનામાં વિના સંકોચે મળવા આવે ' બેક ટુ ધ ક્વેશ્ચન...મિત્ર બનાવવા કેમ ? અસલમાં મિત્રો મેળવવા અઘરા નથી, અને એમાયે આજના ટેકનોલોજીકલી એડવાન્સ યુગમાં તો હરગીઝ નહિ, પણ મિત્રતા ટકાવી રાખવી એ જ તો સાચી કસોટી છે. અને મિત્રતા ટકાવી રાખવાનો સૌથી ઈમ્પોર્ટન્ટ પોઈન્ટ કોઈ હોય તો એ છે નિખાલસ બનો ! શક્ય એટલા પારદર્શક રહો અને મિત્રની પડખે સારા કરતા ખરાબ સમયમાં વધુ રહો..! 'દોસ્તી ઓર કિસી ગરજ કે લિયે, વો તીજારત હે દોસ્તી હી નહિ' (ઈસ્માઈલ મેરઠી) (તીજારત = વેપાર )..!! બસ, દોસ્તીમાં આ વેપારવૃતિ કે સ્વાર્થીપણું નહિ હોય તો એ દોસ્તી સાલો સાલ ટકવાની જ. દોસ્તીની બુનિયાદ જ કમ્ફર્ટ પર ટકેલી હોય, જ્યાં બે દોસ્તો વચ્ચે વાતચીત - વ્યવહાર - વર્તન અને ભાષાનું કમ્ફર્ટ એકદમ મેચ થતું હોય એ દોસ્તીને કોઈ તોડી શકે જ નહિ.

'સાચો દોસ્ત એ છે કે જેના દુશ્મન એ જ છે જે તમારા પણ છે'. દોસ્તનો દુશ્મન દુશ્મન ગણવાનો વણલખ્યો શિરસ્તો છે દોસ્તીમાં. જો કે એમાં એવું પણ હોય છે કે 'જો દોસ્ત કમીને નહિ હોતે, વો કમીને દોસ્ત નહિ હોતે 'જી હા,' હું તો આવો નહોતો કે નહોતી મને મારા દોસ્તારુંએ બગાડ્યો કે બગાડી' આવું આપણે બિન્દાસ અને અનેકો વાર ઉવાચી ચુક્યા છીએ, પણ એમાં આઈ ડોન્ટ થીંક કે કશું જ ખોટું છે. દોસ્ત જેમ સારી બાજુ બતાવે એમ ખરાબ બાજુ પણ બતાવે - શીખવાડે. બીકોઝ દોસ્તીમાં તો કાઈ બેરોમીટર કે ફૂટપટ્ટી થોડી મુકવાની હોય કે 'ના બકા, આવું આપણાથી ના થાય ?' એ તો થાય જ..! એમાયે કોઈ જુના દોસ્તને મળવાનું થાય તો આહાહાહા એકસાથે કેટલીયે યાદો જીવતી થઈ જાય, એક આખો યુગ આખો સામે ઝળહળી ઉઠે. 'ઈક નયા જખમ મિલા ઈક નઈ ઉમર મીલી, જબ કિસી શહરમે કુછ યાર પુરાને સે મિલે ' (કૈફી આઝમી)

વિશ્વાસ રાખ એ જ તો દફનાવશે તને ! કોણે કહ્યું કે દોસ્ત ને તારી કદર નથી? (શૂન્ય પાલનપુરી)..! હા, તો આમાં જખમ પણ આવે જ ભયલા? દોસ્તીમાં દુશ્મની - દોસ્તીમાં દરાર ના થાય એવું કોણે કહ્યું ? ઈનફેક્ટ ભાયબંધીમાં ડખ્ખા થાય થાય ને થાય જ...! 'હર ફૂલ કે સાથ એક કાંટા, હર દોસ્ત કે સાથ એક અદુ હે '(મુજતર ખૈરાબાદી) ( અદુ = દુશ્મન )..! રીઝન...? રીઝન એક જ કે દોસ્તી હક્ક આપે ઝગડાનો - રંજીશનો - તકરારનો - રીસાવાનો - રીઝાવાનો - બ્લેક ને બ્લેક ઓન ધ ફેસ કહેવાનો...! મીઠું મીઠું બોલે, ખુલીને વિચાર રજુ ના કરે, તકવાદી હોય, મુત્સદી હોય, મતલબી હોય, ટાણે પીઠ બતાવે... આમાં ડખ્ખા જ થાય ને પછી ! પણ જનરલી જો દોસ્તી દિલથી કરેલી હોય તો કોઈ એક પક્ષે તો પશ્ચાતાપ થાય જ. દોસ્તીની એ જ મજા છે, જેટલું જલ્દી બ્રેકઅપ થાય એટલું જલ્દી પેચઅપ પણ થાય જ, અને નાં થાય તો દોસ્તની યાદ દિલમાં સંઘરીને મુવ ઓન થવું જ પડે પણ ઊંડે ઊંડે આશા તો રહે જ કે 'વો વાપીસ જરૂર આયેગા ..!' એ દોસ્ત અગર સુબહ કા ભૂલા હે તો ઘર આ, કુછ આંખ મેરી ભીગે કુછ તેરી સજલ હો (જયકૃષ્ણરાય તુષાર)...! 'દોસ્તી દિવસ' ની શુભકામનાઓ..!